 

**“<u>રક્ષાબંધન પર્વ નિમિતે કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીની વિદ્યાર્થીનીઓની એક નવી પહેલ</u>”**

રક્ષાબંધનનો તહેવાર એ ભાઈ-બહેન વચ્ચેના અનોખા પ્રેમ અને લાગણીનો તહેવાર છે. ભાઈ-બહેનના આવા રક્ષાબંધનના મહત્વના તહેવારને વધુ ખાસ અને સાર્થક બનાવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીની કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીની વિદ્યાર્થીનીઓ દ્વારા રક્ષાબંધનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવે છે.

કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીની વિદ્યાર્થીનીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિતે તા.૨૩.૦૮.૨૦૨૩ના રોજ પોતાના હાથથી **તુલસી કાષ્ઠના પારામાંથી** રાખડીઓ બનાવવામાં આવેલ. **તુલસી** એક પવિત્ર છોડ છે, જે તેના આધ્યાત્મિક, ઔષધીય અને પર્યાવરણીય ગુણધર્મો માટે આદરણીય છે. ગુજરાત રાજ્યની જાહેર સેવામાં કાર્યરત એવા રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી, માન. કૃષિમંત્રીશ્રી, માન. ગૃહમંત્રીશ્રી, માન. ધારાસભ્યશ્રીઓ તથા માન. IPS અધિકારીશ્રીઓને અત્રેની કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રેમપૂર્વક બનાવેલી રાખડીઓ મોકલવામાં આવી.